# માંઝીની રાજ્યપાલ સાથે બેઠક : બિહારમાં કટોકટી



બિહાર, તા.૯

બિહારમાં સત્તા માટે સંગ્રામ અને પાર્ટીમાં ચાલી રહેલા ધમાસણ દરમિયાન જેડીયુ દ્વારા બિહારના સીએમ જીતનરામ માંઝીની પક્ષમાંથી હકાલપટ્ટી કરી દીધી છે. માનવામાં આવી રહ્યું છે કે આગામી ૪૮ કલાકની અંદેર રાજયપાલ માંઝીને બહુમતી સાબિત કરવાનો સમય મહિ આપે તો નીતિશ કુમાર તેમના સમર્થક ધારાસભ્યો દ્વારા દિલ્હીમાં રાષ્ટ્રપતિ સામે પરેડ કરશે.

માંઝીએ પાર્ટીમાં બળવો કર્યો હતો અને તેના કારણે જ તેમની હકાલ પટ્ટી કરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. નોંધનીય છે કે જીતનરામ માંઝીની કાર્યશૈલીને લઈન જેડીયુમાં પહેલાથી જ અસંતોષ હતો. આ ઉપરાંત જીતમરાન માંઝી વડાપ્રધાન મોદીના પણ વખાણ કરી ચુકયા હતા જેને લઈને પક્ષના મોટા નેતાઓમાં પણ ભારે રોષ હતો અને ત્યારબાદ તેમની સામે પણ રોષ જોવા મળી રહ્યો છે.

જેડીયુના અધ્યક્ષે પણ આ મામલે ચીઠ્ઠી લખીને જીતનરામ માંઝીને મુખ્યપ્રધાન પદથી હટી જવા કહ્યું હતું પરંતુ તેઓ માન્ય ન હતા. ધારાસભ્યોની બેઠકમાં ધારાસભ્ય દળના નેતા તરીકે નિતીશકુમાર નક્કી થયા અને નિતીશકુમારના સમર્થકોએ રાજભવન ખાતે પહોંચીને રજુઆત પણ કરી હતી તો બીજી તરફ ગઈ કાલે જીતમરાન માંઝીએ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી હતી અને તેમને મનની વાત કહી હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે તેમની પક્ષમાંથી હાલપટ્ટી થઈ હોવાનું માનવામાં આવે છે. માંઝીએ હવે કહ્યું કે તેઓ રાજયપાલ સાથે મુલાકાત કરીને તેમની પાસે બહુમતી હોવાની વાત રજુ કરશે અને બપોર પછી રાજભવન જઈ શકે છે.

## મોદી મન કી બાતમાં પરિક્ષા સંદર્ભમાં વિશેષ વાતો કરશે

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, તેઓ તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાતના એપિસોડમાં તેમની સાથે પરિક્ષાના વિષય ઉપર વાતચીત કરવાની ઈચ્છા ધરાવે છે. દેશભરમાં વિદ્યાર્થીઓ તેમની બોર્ડ પરિક્ષા અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીમાં વ્યસ્ત છે, ત્યારે તેમના માટે મન કી બાતમાં આ વિષય ઉપર વાતચીત કરવા ઈચ્છુક છે.

મોદીએ ટ્વીટર ઉપર આ મહિનાના રેડીયો કાર્યક્રમમાં આ વિષય ઉપર વાત કરવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ મહિનાના રેડિયો પ્રોગ્રામ અંગે તેઓ વિચારી રહ્યા હતા અને અંતે તેમને લાગ્યું કે, પરિક્ષામાં વ્યસ્ત વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને તેમના અનુભવની આપ-લે કરવા અપીલ કરી હતી. જેનાથી પરિક્ષા માટે તૈયારીમાં રહેલા વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે. મોદીએ વિદ્યાર્થીઓ, માતા-પિતા અને શિક્ષકોને પણ તેમના અભિપ્રાય આપવા કહ્યું છે. મોદીએ કહ્યું હતું કે, આ કાર્યક્રમ દરમિયાન તેઓ વિદ્યાર્થીઓ, વાલીઓના અનુભવ પણ રજુ કરશે. તેમના મહિનાના રેડિયો કાર્યક્રમ મન કી બાતને લઈને હંમેશા ઉત્સુક્તા રહી છે. મોદીએ હજુ સુધી આ કાર્યક્રમ મારફતે સ્વચ્છતા અભિયાન, માદક દ્રવ્યોના ઉપયોગ, ગવર્નન્સ સહિતના મુદ્દા પર વાત કરી છે. ગયા મહિને તેઓએ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે મન કી બાતમાં સંયુક્ત સંબોધન કર્યું હતું. જેમાં ઓબામાએ પણ પોતાના અભિપ્રાય રજુ કર્યા હતા. શ્રેણીબદ્ધ પ્રશ્નો આ કાર્યક્રમ દરમિયાન પુછવામાં આવ્યા હતા. મોદીના આ કાર્યક્રમના કારણે તેમની લોકપ્રિયતા પણ સતત વધી છે. કાર્યક્રમને સાંભળનાર લોકોની સંખ્યા પણ વધી રહી છે.

## સ્વિસ એકાઉન્ટ : નવા નામના ખુલાસાથી દેશમાં ખળભળાટ

નવી દિલ્હી,તા. ૯

ભારતમાં કાળા નાણાંને લઈને ચાલી રહેલી ચર્ચામાં હવે નવો વળાંક આવી ગયો છે. આજે એક અગ્રણી અખબારે ફ્રાંસના અખબાર સાથે સહકાર કરીને એક અહેવાલ પ્રકાશિત કર્યા છે. ફ્રાંસના અખબાર લે મોન્ડે અને ઈન્ટરનેશનલ કન્સોર્ટીયમ ઓફ ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિસ્ટ સાથે સહકારથી અગ્રણી અંગ્રેજી અખબારે આજે ટ્રાન્સનેશનલ ઈન્વેસ્ટીગેટીવ ન્યુઝ રિપોર્ટ પ્રકાશિત કરીને ખળભળાટ મચાવી દીધો છે. જેમાં દેશના ટોપના બિઝનેસમેનના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈન્વેસ્ટીગેટીવ પત્રકારોની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ સ્વિત્ઝરલેન્ડમાં એચએસબીસી બેંકમાં એકાઉન્ટ ધરાવનાર દુનિયાભરના આશરે એક લાખ ખાતાધારકોની યાદી જારી કરી છે. જેમાં ભારતના મોટા ઉદ્યોગપતિ અને રાજકીય નેતાઓના ૧૧૯૫ નામ છે. આ ખાતામાં ભારતીયોના ૨૫૪૨૦ કરોડ રૂપિયા જમા છે. આ ખાતાઓમાં સૌથી વધુ રકમ ૧૦૦ ભારતીય લોકો ધરાવે છે, તેમના નામ પણ સપાટી પર આવી ચુક્યા છે. દરમિયાન નાણાં મંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સ્વિસ એકાઉન્ટમાં ઊંડી તપાસ કરવામાં આવશે. નવા નામમાં સરકાર અને એસઆઈટી તપાસ કરશે. સરકાર તેમની પ્રમાણિક્તામાં તપાસ કરશે. જેટલીએ એવી માહિતી પણ આપી હતી કે, બ્લેક મનીના મામલામાં જુની લિસ્ટથી ૬૦ અન્ય લોકોની સામે પણ પગલા લેવામાં આવી ચુક્યા છે. દરમિયાન બ્લેક મનીના મુદ્દે એસઆઈટીની આજે બેઠક મળી હતી જેમાં નવા નામો પર ચર્ચા થઈ હતી. ઈન્વેસ્ટીગેશન જર્નાલિઝમ મારફતે સ્વિત્ઝરલેન્ડમાં એચએસબીસી બેંકમાં ખાતા ધરાવનાર ૨૦૩ દેશોના આશરે એક લાખ ખાતાધારકોની લિસ્ટ જારી કરવામાં આવી છે, જેમાં ભારતીયો પણ સામેલ છે. જેટલીએ કહ્યું છે કે, ટેક્સ વિભાગે એચએસબીસી બેંકની સ્વિસ શાખામાં ખાતા ધરાવનાર ભારતીયોની પહેલી યાદી પૈકી ૬૦ની સામે કાર્યવાહી શરૂ કરાઈ છે અને આજે જે નામોના ખુલાસા થયા છે તે પૈકી મોટાભાગના લોકો અંગે સરકાર પાસે પહેલાથી જ માહિતી છે. આમાંથી કેટલાક ખાતા કાયદેસરના હોય શકે છે. સરકારે છેલ્લા છ-સાત મહિના દરમિયાન બ્લેકમનીના મામલે જોરદાર પ્રયાસો કર્યા છે. દાઓસમાં સ્વિત્ઝરલેન્ડના નાણાંમંત્રી સહિત અનેક સ્વિસ અધિકારીઓ સાથે બેઠક થઈ છે. તેમની સાથે પણ સહમતી થઈ છે કે, બ્લેકમનીના મામલે તપાસ કરાશે. એસઆઈટીના સુત્રોનું કહેવું છે કે યાદીના આધાર ઉપર એચએસબીસીના એવા ભારતીય ખાતાધારકો સાથે જોડાયેલા મામલાઓની તપાસ થશે. જેમાં કાર્યવાહીની સમય મર્યાદા ૩૧મી માર્ચ રાખવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, કેટલાક એવા નામોનો ખુલાસો થયો છે જે નવા છે. તેમનો ઉલ્લેખ સીબીડીટી અને એસઆઈટીની પાસે નથી.એસઆઈટીએ લોકો પાસેથી પણ બ્લેકમની ધરાવનાર ભારતીયો અંગે માહિતી માંગી છે. ઈન્કમટેક્સ વિભાગ, સીબીડીટી અને ઈડીને પણ માહિતી એકત્રિત કરવા કહેવામાં આવ્યું છે. બ્લેકમનીને લઈને ભારે ખળભળાટ મચી ગયો છે. બ્લેકમનીના મુદ્દે પહેલાથી જ તપાસ ચાલી રહી છે. તેમણે એમપણ કહ્યું છે કે, ૩૫૦ ખાતાધારકોના મામલે મુલ્યાંકન થઈ ચુક્યું છે. બાકીની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. ડિસેમ્બર મહિનામાં સુપ્રીમ કોર્ટ સમક્ષ સીટે એક અહેવાલ સોંપ્યો હતો જેમાં જણાવાયું હતું કે, એચએસબીસીની યાદીમાં રહેલા લોકો ૪૪૭૯ કરોડ રૂપિયા સ્વિસ બેંકમાં ધરાવે છે. શકમંદો અંગે તપાસ ઝડપથી કરવા કહેવાયું છે.

### બ્લેકમની : ગેરકાયદે સ્વિસ બેંક ખાતાની અંબાણીની ના

નવી દિલ્હી,તા. ૯

ટોપ ઉદ્યોગપતિ અંબાણીબંધુઓ અને જેટ એરવેઝના ચેરમેન નરેશ ગોયલે પત્રકારોની આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા એચએસબીસીના ખાતાધારકોની જે યાદી લીક કરવામાં આવી છે તે અંગે આજે પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી અને કહ્યું હતું કે, તેમના કોઈ ગેરકાયદે સ્વિસ બેંક ખાતા નથી. દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતાં ગોયલે કહ્યું છે કે, કોઈપણ બ્લેકમની નથી. છુપાવવા જેવી કોઈ બાબત નથી, ચિંતા કરવા જેવી પણ કોઈ બાબત નથી. તમામ ધારાધોરણો અને નિયમો પાળવામાં આવ્યા છે. દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના પ્રવક્તાએ કહ્યું છે કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અથવા તો મુકેશ અંબાણી વિશ્વમાં કોઈપણ જગ્યાએ ગેરકાયદે બેંક ખાતા ધરાવતા નથી. આવી જ પ્રતિક્રિયા અનિલ અંબાણીના પ્રવક્તાએ પણ આપી છે. તેમણે કહ્યું છે કે, અંબાણીના કોઈપણ એચએસબીસી વિદેશી ખાતા નથી. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેએ પણ તેમના પરિવારના કોઈ સભ્યો અથવા તો તેમના પોતાન સ્વિસ બેંક ખાતા હોવાનો ઈન્કાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે, અગાઉ પણ તેમનું નામ સપાટી પર આવ્યું છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર દ્વારા આજે જે યાદી અને અહેવાલ પ્રકાશિત કરાયા હતા તેમાં ઘણા ઉદ્યોગપતિઓના નામનો ઉલ્લેખ છે. આમાં એચએસબીસીની યાદીમાં રહેલા ૧૧૯૫ ભારતીય લોકોના નામનો ઉલ્લેખ છે અને તેમની કુલ જમા રકમ ૨૫૪૨૦ કરોડ છે.

## છ હજાર ભારતીયો વર્લ્ડ કપ જોવા ઓસ્ટ્રેલિયામાં

નવી દિલ્હી,તા. ૯

વર્લ્ડકપની શરૂઆત આગામી સપ્તાહમાં થઈ રહી છે ત્યારે આશરે છ હજાર જેટલા ભારતીયો ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપ મેચ નિહાળવા પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ટૂર ઓપરેટર્સ દ્વારા જણાવાયું છે કે, ભારતીય ક્રિકેટ ચાહકો ખાસ હોલીડે પેકેજ ખરીદવાની તૈયારીમાં દેખાઈ રહ્યા છે. આ સ્પોટ ઈવેન્ટ નવા હોલીડે કાર્યક્રમના ભાગરૂપે છે. એક મેચ હોલીડે લોકો આશરે ૧.૫ લાખ રૂપિયા ખર્ચ કરવાની ઈચ્છા ધરાવે છે. ૧૨ લાખનો ખર્ચ થઈ શકે છે. મુંબઈમાં રહેતા એક તબીબે પરિવારના સાત સભ્યોની સાથે ઓસ્ટ્રેલિયા જવાની તૈયારી કરી છે. ૧૨ દિવસનો આ કાર્યક્રમ તેમનો રહેશે. તેઓએ ભારત-પાકિસ્તાન મેચ માટે સ્ટેડિયમની અંદર શ્રેષ્ઠ સીટ બુક જ કરાવી નથી બલ્કે ટોપ હોટલની પણ વ્યવસ્થા કરી છે. ઘણા લોકો પણ આવી સ્થિતિમાં છે. કેટલાક લોકો ગ્રુપમાં પણ જવાની તૈયારી કરી રહ્યા છે. વર્લ્ડકપ દરમિયાન છ હજાર ભારતીય પહોંચનાર છે. ઓસ્ટ્રેલિયન હાઈકમિશનનું કહેવું છે કે જાન્યુઆરીમાં મળેલી ટુરિસ્ટ વીઝા અરજીની સંખ્યા ગયા વર્ષે આજ મહિનાની સરખામણીમાં ૩૭ ટકા વધારે છે.

## દિલ્હીમાં સરકાર કોની બનશે તે અંગે આજે ફેંસલો

નવી દિલ્હી,તા. ૯

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. દિલ્હીમાં આગામી સરકાર કોની બનશે તેને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો આવતીકાલે અંત આવી જશે. વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ તમામ એક્ઝિટ પોલમાં જે રીતે એરવિન્દ કેજરીવાલની પાર્ટી આમ આદમી પાર્ટીને બહુમતિ આપવામાં આવી રહી છે તે જોતા ભાજપની ઉંઘ હરામ થઈ ગઈ છે. આવતીકાલે મતગણતરી સવારે શરૂ કરાશે. બપોર સુધી ચિત્ર સ્પષ્ટ થઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે સાતમીએ રેકોર્ડ ઉંચુ મતદાન થયું હતું. શાંતિપૂર્ણ માહોલમાં ૬૭ટકાથી પણ વધારે મતદાન થયું હતું. ઉંચુ મતદાન થયા બાદ ભાજપ, એએપી દ્વારા જીતના દાવા કરવામાં આવ્યાહતા. દિલ્હીમા ૧.૩૩ કરોડ મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ૬૭૩ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે ઉત્સુક દેખાયા હતા. દિલ્હીમાં ચૂંટણી ભાજપ માટે પણ પ્રતિષ્ઠાજનક બની ગઈ છે. દિલ્હીમાં વર્ષ ૨૦૧૩માં



યોજાયેલી ચુંટણીમાં કોઈને પણ બહુમતી મળી નહતી.

આ ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી અને તેને ૩૨ બેઠકો મળી હતી. જોકે, બહુમતીના આંકડાથી તે સહેજમાં પાછળ રહી હતી. સરકાર બનાવવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે લેફટી ગવર્નર નજીબ જંગે ભાજપ બાદ બીજા નંબરની પાર્ટી રહેલી એએપીને સરકાર બનાવવા આમંત્રણ આપ્યું હતું. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે એએપીએ કોંગ્રેસના બહારના સમર્થન સાથે સરકારની રચના કરી હતી. શીલા દીક્ષિતને ચુંટણીમાં હાર આપનાર અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા હતા. જોકે, ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૪ના દિવસે ૪૯ દિવસ સુધી શાસન કર્યા બાદ કેજરીવાલે તેમના હોદ્દાથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ દિલ્હીમાં આશરે ૧ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન રહ્યું હતું. ૪ નવેમ્બર ૨૦૧૪ના દિવસે નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવા અને નવેસરથી ચુંટણીની ભલામણ કરી હતી. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ચુંટણીપંચે વિધાનસભા ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. છેલ્લી ચુંટણીમાં ભાજપને ૩૧, એએપીને ૨૮ અને કોંગ્રેસને ૮ બેઠકો મળી હતી.દિલ્હી વિધાનસભામાં કુલ પોલીંગ સ્ટેશનની સંખ્યા ૧૨૧૭૭ રહી હતી. નોટાનો પણ ઉપયોગ કરાયો હતો.સાતમી ફેબ્રુઆરીના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ ૬૭૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે તમામ ભાવિ ૧૦મી ફેબ્રુઆરીના દિવસે જાણી શકાશે. માત્ર રાજકીય પક્ષોની જ નહી બલ્કે બલ્કે દિલ્હી ચૂંટણી પર સામાન્ય લોકોની નજર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. કારણ કે ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. લોકસભાની ચૂંટણીમાં દેશના તમામ લોકોએ આ પાર્ટીને ફગાવી દીધી હતી. દેશમાં દરેક જગ્યાએ તેની કારમી હાર થઈ હતી. તેના મોટા ભાગના ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી. પરંતુ દિલ્હીમાં આ પાર્ટીની સ્થિતી સારી દેખાઈ છે.

**માદક દ્રવ્યો સાથે ડ્રાઈવર ઝડપાતા નિર્ણય**

## શ્રીનગર-મુઝ્ફફરાબાદ બસ સેવા સસ્પેન્ડ કરવાનો નિર્ણય

શ્રીનગર,તા. ૯

શ્રીનગર-મુઝ્ફફરાબાદ બસ સર્વિસને આજે ફરી એકવાર બંધ કરવામાં આવી હતી. વાહનમાંથી નાર્કોટિક્સનો જંગી જથ્થો મળ્યા બાદ એલઓસીની અન્ય તરફથી એક ડ્રાઈવરની ધરપકડ કરાયા બાદ શ્રીનગર-મુઝ્ફફરાબાદ બસ સેવાને બંધ કરવામાં આવી છે. અધિકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, કારવા-એ-અમન બસ સર્વિસ જે શ્રીનગર અને મુઝ્ફફરાબાદ વચ્ચેની છે તેને અચોક્કસ મુદત માટે બંધ કરવામાં આવી છે. સુત્રોનું કહેવું છે કે, પોક સત્તાવાળાઓએ શ્રીનગર-મુઝફફરાબાદ રોડ ઉપર વેપાર અને કારોબારને બંધ કરવાના તેના નિર્ણયથી વાકેફ કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે. ડ્રાઈવરની ધરપકડનો મામલો ઉકેલવામાં ન આવે ત્યાં સુધી આ સેવા બંધ રહેશે. મુઝ્ફફરાબાદના નિવાસી એનાયત હુસૈનની નાર્કોટિક્સના જથ્થા સાથે ધરપકડ કરાઈ હતી. આ ઉપરાંત એક સ્થાનિક વેપારી ઝહુર અહમદની પણ ધરપકડ કરાઈ છે. શુક્રવારના દિવસે સત્તાવાળાઓએ શ્રીનગર-મુઝ્ફફરાબાદ રોડ ઉપર પોકથી આવતી ટ્રકમાંથી માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો હતો. ૩૫૦ પેકેટ દાણચોરીના માદક દ્રવ્યો મળ્યા હતા. ઉંડી તપાસ કરવામાં આવતાં આમાં માદક દ્રવ્યોનો જથ્થો નિકળ્યો હતો. શુક્રવારના દિવસે પોકથી આવેલી તમામ ૨૨ ગાડીઓને હવે સલામાબાદ વેપાર સેન્ટર ખાતે રોકી દેવામાં આવી છે અને તેની તપાસ થઈ રહી છે. બન્ને પક્ષોના વેપાર અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક નોંધાઈ ચુકી છે. દાણચોરીનો જથ્થો મળ્યા બાદ ઊંડી તપાસ ચાલી રહી છે. આવનાર દિવસોમાં આ બસ સેવા ક્યારે ચાલુ થશે તેને લઈ ટૂંકમાં ખુલાસો કરવામાં આવે તેવી શક્યતા છે.

## દિલ્હીમાં પરિણામ પહેલાં જ કોંગ્રેસે હારને સ્વિકારી લીધી

નવી દિલ્હી,તા. ૯

દિલ્હી વિધાનસભાની ચુંટણીના પરિણામ જાહેર થાય તેના એક દિવસ પહેલાં જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના પ્રચાર વડા અજય માકને હારની જવાબદારી સ્વિકારી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ ચુંટણી હારની જવાબદારી સ્વિકારે છે આના માટે પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી કોઈપણ રીતે જવાબદાર નથી. કોંગ્રેસની હાર દિલ્હીમાં સ્પષ્ટ દેખાઈ રહી છે. ગઈકાલે જ માકને કહ્યું હતું કે, જો ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલના તારણ સાચા આવશે તો લોકોની ઈચ્છાનું સન્માન થવું જોઈએ. દિલ્હીમાં રચનાત્મક ભૂમિકા માટે તેમની પાર્ટી કામ કરશે. છેલ્લી ચુંટણીમાં એએપીને ૨૮ બેઠકો મળી હતી. આ વખતે પણ એવું લાગી રહ્યું છે કે દિલ્હીના લોકો એએપીને તક આપવા માંગે છે. કેટલાક મત અન્ય પાર્ટીને પણ ગયા છે. લોકો એએપીને ઈચ્છે છે. આવી સ્થિતિમાં લોકોની ઈચ્છાનું સન્માન થવું જોઈએ. કોંગ્રેસના જનરલ સેક્રેટરી માકને કહ્યું હતું કે, દિલ્હીના લોકો એએપીને તક આપવા ઈચ્છે છે. જો આ કેસ યોગ્ય રીતે સાબિત થશે તો અમે કોઈપણ વિખવાદ ઉભા કરવા ઈચ્છતા નથી. દિલ્હીમાં એક્ઝિટ પોલના પરિણામ મોટાભાગે કેજરીવાલના નેતૃત્વમાં એએપીને જીત આપે છે. ભાજપ બીજા ક્રમાંકે રહે તેવી શક્યતા છે. જ્યારે કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

### હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

તે વખતે મુલાકાતીઓ તો આવતા હશે ને?

તે દિવસે સોમવાર હતો રજા હોય એટલે મુલાકાતીઓ કોઇ આવે નહીં. વાતાવરણ શાંત થતાં કોકોટીલ નીચે ઊતરીને પીંજરા પાસે વેરેલ કાંગ ખાવા લાગ્યા. પણ બે દિવસનાં ભૂખ્યા હતા. ધીરે ધીરે એ પીંજરામાં પ્રવેશ્યા અને કાંગ આરોગવા લાગ્યા એટલે મેં પીજરાંનું ઢાંકણું બંધ કરી દીધું. પીંજરાના પંખી ફરી પીંજરામાં આવી ગયા. ગોવિંદે વાત પુરી કરી.

આ લવબર્ડ આજકાલ ખુબ કલકલાટ કરે છે નહીં - મે પુછ્યું.

હાં સાહેબ વેલેન્ટાઇન ડે આવે છે ને.

તને વળી આવું કોણે કહ્યું.

આ તો જુવાન કૉલેજીયન છોકરા છોકરીઓ અહીં આવીને લવ બર્ડના પાંજરા પાસે ઊભા રહી બોલતા હોય છે એ મેં સાંભળ્યું બાકી મને એમાં કંઇ સમજ ન પડે.

હાં ગોવિંદ પ્રેમી પંખીડાઓ માટેનો આ વિદેશી તહેવાર છે. ગુલાબનું ફૂલ આપીને પ્રેમનો એકરાર કરવાની પશ્ચિમી સંસ્કૃતિની આ રીત આપણે ત્યાં પણ કેટલાક વર્ષોથી આવી છે.

મારી વાત ગોવિંદને કંઇ બહુ સમજાઇ હોય એમ લાગ્યું નહીં એ મારી સામે જોતો રહ્યો.

દૂર રેડિયો પર ગીત વાગતું હતું.

પીંજરે કે પછીં રે... તેરા દર્દ ન જાને કોઇ...

## ડોલરની સામે રૂપિયો ૪૭ પૈસા ઘટીને અંતે બંધ થયો

મુંબઈ,તા. ૯

ડોલર સામે રૂપિયો આજે કારોબારના અંતે ૪૭ પૈસા ઘટીને બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયો ૬૨ની સપાટીને કુદાવી ગયો હતો અને ૬૨.૧૭ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા કારોબારી સત્ર દરમિયાન ડોલર સામે રૂપિયો ૬૧.૭૦ની સપાટીએ રહ્યો હતો. આજે રૂપિયો ૬૧.૯૯ની સપાટીએ ખુલ્યો હતો અને એક વખતે ૬૨.૨૨ સુધી પહોંચ્યો હતો. આ સપાટી છેલ્લા ૧૪મી જાન્યુઆરીના દિવસે જોવા મળી હતી. ટકાવારીની દ્રષ્ટિએ રૂપિયો ઈન્ટ્રાડે દરમિયાન ૦.૮૩ ટકા સુધી ઘટ્યો હતો. ૨૯મી જાન્યુઆરી બાદથી સેંસેક્સમાં ૧૩૦૦ પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. આની સીધી અસર રૂપિયા પર પણ થઈ હતી. બ્રેન્ડ ક્રૂડની કિંમત ફરીવાર વધીને ૫૭.૯૩ સુધી પહોંચી છે. આ વર્ષની શરૂઆત બાદથી રૂપિયો ૧.૪૧ ટકા સુધી વધ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ઈક્વિટીમાંથી ૨.૭૮ અબજ ડોલરની ખરીદી કરી છે.

**તાતા પાવર, રિલાયન્સ ઇન્ફ્રાના શેર પર દબાણ**

## દિલ્હીમાં એએપી જીત વિજ કંપનીઓને શોક આપી શકે

નવી દિલ્હી ,તા. ૯

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદથી જ વીજ કંપનીઓ ચિંતાતુર દેખાઇ રહી છે. અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં એએપીની જીત થશે તેવા તારણ આવ્યા બાદ તાતા પાવર અને રીલાયન્સ ઇન્ફ્રાસ્ટકચર જેવી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીના શેર પર આ સપ્તાહમાં દબાણની સ્થિતી રહી શકે છે. નિષ્ણાંતોને ભય છે કે વીજળી માટે સબસિડી અને પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીના ખાતામાં તપાસ કરવામાં આવી શકે છે. એએપીની નિતીઓના કારણે વીજ કંપનીઓને શોક લાગી શકે છે. બોનાન્ઝા પોર્ટફોલિયોના વરિષ્ઠ વાઇસ પ્રમુખ રાકેશ ગોયલે કહ્યું છે કે તાતા પાવર અને રિલાયન્સ ઇન્ફ્રા જેવી પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીના શેરમાં હવે થોડાક દિવસ વેચવાલી રહી શકે છે. કારણ કે પોલના પરિણામ મોટા ભાગે એએપીને બહુમતિ આપી રહ્યા છે. એએપીએ ચૂંટણી પ્રચાર દરમિયાન સાફ શબ્દોમાં કહ્યું હતું કે સત્તામાં આવ્યા બાદ તે ખાનગી વીજ કંપનીઓના ખાતામાં તપાસ કરવાનો આદેશ કરશે. દિલ્હીમાં પાવર કપનીઓ પર એકાધિકારનો આક્ષેપ કરીને પાર્ટીએ કહ્યું હતું કે પાવર સપ્લાયર્સ વચ્ચે વધુ સ્પર્ધા રહે તેવા પ્રયાસ કરાશે. જેથી સામાન્ય લોકોને વધુ ફાયદો મળી શકે. એએપીની સરકાર જ્યારે ડિસેમ્બર ૨૦૧૩માં બની હતી ત્યારે આ સરકારે કેગ ઓડિટનો આદેશ કર્યો હતો.કાર્વી સ્ટોક બ્રોકિંગના ફંડ મેનેજર શેખરે કહ્યું છે કે જે પાવર કંપની દિલ્હીમાં બિઝનેસ ધરાવે છે તેના શેરમાં ઘટાડો થઇ શકે છે. કારણ કે પોલના તારણ તેમના માટે નિરાશાજનક રહ્યા છે. રોકાણકારો માટે મોટી ચિંતા નવી સરકાર તરફથી ખાનગી વીજ કંપનીના આડિટ છે. ઓડિટમાં કોઇ ખામી રહેશે નહી પરંતુ અનિશ્ચિતા રહી શકે છે. તાતા પાવર અને રીલાયન્સ ઇન્ફ્રાનાસેર ફેબ્રુઆરીમાં હાઇથી ક્રમશ નવ અને દસ ટકા ઘટી ગયા છે. વીજ કંપનીઓની પણ ચિંતા વધી ગઇ છે.

## વોર્મ અપ મેચ શ્રીલંકા પર આફ્રિકાની પાંચ વિકેટે જીત

ક્રાઈસ્ટચર્ચ,તા. ૯

ક્રાઈસ્ટચર્ચના બેંગલે ઓવલ મેદાન ખાતે રમાયેલી વર્લ્ડ કપ પહેલાની વોર્મ અપ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ડકવર્થ લુઈસ પદ્ધિતના આધાર પર શ્રીલંકા પર પાંચ વિકેટે જીત મેળવી હતી. વરસાદ અને ખરાબ હવામાનના કારણે મેચમાં ઓવરની સંખ્યા ઘટાડીને મહત્તમ ૪૪.૪ કરવામાં આવ્યા બાદ શ્રીલંકાએ સાત વિકેટે ૨૭૯ રન કર્યા હતા. જેમાં દિલશાને ૮૩ બોલમાં ૧૫ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૦૦ રન કર્યા હતા. મેથ્યુસે ૪૯ બોલમાં ૫૮ રન કર્યા હતા. હવામાન અને વરસાદ અને ખરાબ સ્થિતીના કારણે ફરી એકવાર મેચમાં ઓવરની સંખ્યા ઘટાડી દેવામાં આવી હતી. આફ્રિકાને ૨૫ ઓવરમાં ૧૮૮ રન કરવા માટે કહેવામાં આવ્યું હતુ. જોકે આફ્રિકાએ કોકના ૬૬ અને અમલાના ૪૬ રનની મદદથી આ રન બનાવીને મેચ જીતી લીધી હતી. કોકે ૫૫ બોલમાં છ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૬૬ રન કર્યા હતા. જ્યારે કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેલા અમલાએ ૪૬ રન કર્યા હતા.

## સમાચાર ઝલક

- નવસારીમાં ફાયનાન્સ કંપનીએ હજ્જારો કુટુંબોને ૩ કરોડનો ચુનો લગાડયો.
- જામનગરમાં વિદ્યાર્થીઓએ એસ.ટી.બસની કાયમી મુશ્કેલીથી કર્યો ચક્કાજામ.
- વાપી જીઆઈડીસીમાં કેમિકલ કારખાનામાં આગથી ૩ કારીગરો દાઝયા લાખોનું નુકશાન.
- ઊંઝા માર્કેટ યાર્ડમાં ઈસબગુલના ભાવમાં રૂ. ૪૦૦નો કડાકો બોલતાં ખેડૂતો હતપ્રભ.
- કામરેજ તાલુકામાં લુંટના ઈરાદે એન.આર.આઈ. વૃદ્ધની હત્યા.
- અમદાવાદમાં બુટલેગરના ત્રાસથી મહિલાઓએ મોરચો કાઢી પોલીસોની ધોલાઈ કરી.
- અમદાવાદના પુર્વ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે મહિલાઓ, વેપારીઓ, જનતા ત્રાહિમામ.
- દેશમાં જાન્યુઆરી અંતિત ૯૭ કરોડ મોબાઈલ વપરાશકારો નોંધાયા.
- મધ્યપ્રદેશના નાયબ ફુડ ઈન્સ્પેકટર પાસે કરોડોની સંપત્તિ બિનહિસાબી ઝડપાઈ.
- જોર્ડનના લશ્કરે સીરીયામાં ૫૬ વખત આતંકવાદીઓના અડ્ડાઓ ઉપર બોંબ મારો ચલાવ્યો.
- ટ્રાન્સપોર્ટમાં ભાડા ઘટશે તો બધી જ વસ્તુઓ સસ્તી થશે.